# અપાર કરુણા
## સ્વામી કૃપાનંદ દ્વારા લિખિત

એક દિવસ બાબા મુક્તાનંદ શક્તિપાત ધ્યાનશિબિરના સમાપન પછી મોડી સાંજે પોતાના રૂમમાં ગયા. એ વખતે તેઓ તેમની ત્રીજી વિશ્વયાત્રા કરી રહ્યા હતા અને ઑસ્ટ્રેલિયાના મેલબોર્નમાં સ્થિત સિદ્ધયોગ આશ્રમમાં રહેતા હતા. હું બાબાજીના 'નમસ્તે રૂમ'માં કંઈ કામ કરી રહી હતી, જ્યાં ઘણીવાર બાબાજી દર્શનાર્થીઓને મળતા હતા. અચાનક મને રૂમનો દરવાજો ખટખટાવાનો અવાજ સંભળાયો. મેં દરવાજો ખોલ્યો તો જોયું કે એક સુંદર કેથલિક નન (ખ્રિસ્તી સાધ્વી) દરવાજા પર ઊભાં હતાં.

“શું સ્વામી મુક્તાનંદ અહીં છે?” તેમણે મધુરતાથી પૂછ્યું. મેં તેમને સમજાવ્યું કે બાબાજી તો જતા રહ્યા છે અને હવે તેઓ કોઈને મળશે નહીં. આ સાંભળતાં જ તેઓ અત્યંત નિરાશ થઈ ગયાં અને તેમણે કહ્યું, “અરે, મહેરબાની કરીને મારી મદદ કરો, હું મારા મઠથી સિત્તેર માઇલની યાત્રા કરીને અહીં આવી છું. હું તેમનાં દર્શન કર્યા વગર પાછી જવા નથી માંગતી.” આ સાંભળીને હું બાબાજીના સેવકને શોધવા ગઈ અને મેં તેમને આ કેથલિક નન વિશે જણાવ્યું. તે સેવક તરત જ બાબાજીના રૂમમાં ગયા.

થોડી મિનિટો પછી બાબાજી બહાર આવ્યા અને તેમણે મને કહ્યું કે હું એ નનને 'નમસ્તે રૂમ'માં લઈ આવું. બાબાજી પોતાની ખુરશી પર બેઠા અને ખૂબ જ કોમળતાથી તેમણે એ નનને આગળ આવવા માટે ઇશારો કર્યો. નન રડવાં લાગ્યાં અને બાબાજીનાં ચરણોમાં પડી ગયાં. તેમણે બાબાજીને કહ્યું કે તેમણે ટી.વી. પર સમાચારમાં બાબાજીનો ચહેરો જોયો હતો અને ત્યારથી તેમને કંઈક થઈ ગયું છે. હવે તેમને સહજ જ ધ્યાન લાગી જાય છે અને તેમને તેમનાં ધર્મગ્રંથોમાં જણાવેલા સત્યની પ્રત્યક્ષ અનુભૂતિઓ થઈ રહી છે, જેનું અધ્યયન તેમણે તેમની યુવાવસ્થા દરમ્યાન પોતાના ધર્મની શિક્ષાગ્રહણ કરતી વખતે કર્યું હતું. અત્યાર સુધી તેઓ એ સત્યને માત્ર બૌદ્ધિક રૂપે જ સમજ્યાં હતાં. અને આખરે હવે તેમને એ સત્યના સારનો અર્થ સમજાઈ રહ્યો હતો.

બાબાજીએ તેમનાં આંસુ લૂછ્યાં અને અત્યંત પ્રેમ અને કરુણાથી તેમના ગાલ પર હાથ ફેરવ્યો. “બહુત અચ્છા!” બાબાજીએ ધીરેથી કહ્યું. તેમણે મને એ નનને પોતાનું પુસ્તક 'કુંડલિની : જીવનનું રહસ્ય' આપવા માટે કહ્યું અને એ પણ કહ્યું કે તેઓ પોતાના મઠ માટે પ્રસ્થાન કરે તે પહેલાં હું તેમને ભોજન અવશ્ય કરાવું. અને પછી બાબાજી પોતાના રૂમમાં જતા રહ્યા.

© ૨૦૨૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.